| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૧/૦૩/૨૦૨૧ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૩૮૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૨૮૮ | ૦ | ૧૧૨૮૮ | ૧૭૪૧૦ | ૦ | ૧૭૪૧૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૬ | ૦ | ૬૨૨૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૦ | ૦ | ૭૦ | ૨૭૬ | ૦ | ૨૭૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૮૯૮૨ | ૧ | ૨૮૯૮૩ | ૩૦૨૯૭ | ૧ | ૩૦૨૯૮ |
| | કુલ | ૪૫૦૪૨ | ૧ | ૪૫૦૪૩ | ૫૪૨૦૯ | ૧ | ૫૪૨૧૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩ | ૫,૩૬,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૭ | ૩,૨૭,૦૦૦ |

# ખુનની કોશીષ/આર્મ્સ એક્ટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :

## જુની અદાવત રાખી ફાયરીંગ કરનાર ઇસમને ગણતરીના દિવસોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં ગેર કાયદેસર હથિયાર રાખી ફાયરીંગ કરે જેવા ગંભીર ગુનાઓ આચરતાં આરોપીઓને શોધી કાઢવા સુચનાઓ કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૧૦૧૫૧/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૦૭ તથા આર્મ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ), જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે ફરીયાદી સંજય નાનકચંદ યાદવ ઉં.વ.૪૭ રહે.સી/૯૦૬, જનતાનગર સોસાયટી, ચાંદખેડા,અમદાવાદ શહેર નાઓ ગઇ તા.૨૪/૦૨/૨૧ ના રોજ સવાર સાતેક વાગે પોતાના ઘરેથી સાઇકલ લઇ નોકરી જવા નિકળેલ દરમ્યાન કલાક ૭/૧૦ વાગે થોડે દૂર આરાધના શો-રુમના બાજુવાળા રસ્તા ઉપર જાહેર રોડ ઉપર જતા તે વખતે આરોપી જીતેન્દ્ર શર્મા રહે. સરનામાની ખબર નથી નાએ ફરિયાદીની એકદમ નજીક આવી પોતાની પાસેના દેશી તમંચાથી ફરિયાદી ઉપર ફાયરીંગ કરી ફરિયાદીને ડાબા હાથના અંગૂઠા ઉપર તથા પેટના ભાગે ઇજા કરી નાસી ગયેલ હોય જે આરોપીને શોધી કાઢવા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પો.સ્ટે. નાઓએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. જી.વી.ચૌધરી સાહેબ નાઓને સુચના કરી અલગ અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના તેમજ આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ તેમજ મોબાઇલ લોકેશન મેળવી તપાસ તજવીજ શરૂ કરેલ આજરોજ તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ સર્વેલન્સ સ્કોડના લોકરક્ષક મહિપાલસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૩૧૨૨ તથા લોકરક્ષક સિધ્ધાર્થરાજસિંહ બળવંતસિંહ બ.નં.૧૧૬૭૭ નાઓને બાતમી હકીકત મળેલ કે આરોપી જીતેન્દ્ર શર્મા રહે, સરનામાની ખબર નથી તે અત્રે વિસત સર્કલ થઇ તપોવન સર્કલ તરફ એક કાળા કલરનુ શાઇન બાઇક લઇને પસાર થવાનો છે જેણે શરીરે લાલ કલરનુ શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તથા તેની પાસે એક વાદળી કલરની બેગ છે વિગેરે હકીકતની જાણ પો.સબ.ઇન્સ. જી.વી.ચૌધરી નાઓને કરતાં તેઓએ તુરંત જ ઉપરોક્ત હકીકતની જાણ અમોને કરતાં અમો તુરંત જ વિસત સર્કલ થઇ તપોવન સર્કલ જવાના રોડ પર આવેલ વિશ્વકર્મા એન્જીનિયરીંગ કોલેજની પાસે અમો તથા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે છુટા છવાયા વોચમાં હાજર રહી સદરી વર્ણનવાળો ઇસમ વિસત સર્કલ રોડ તરફથી આવતો જણાતાં સદરીને કોર્ડન કરી રોકી લઇ નામઠામ પુછતાં પોતે પોતાનુ નામ જીતેન્દર સ/ઓ સરદારામ પરમાનંદ શર્મા ઉ.વ.૫૧ ધંધો-છુટક મજુરી રહે- રખડતો ભટકતો અમદાવાદ શહેર મુળ રહે, ગામ-અંબીવાલા દુર્ગામંદીરની પાસે, પોસ્ટ-પ્રેમનગર તા.જી.દહેરાદુન

ઉત્તરાખંડ તથા ગલી નં.૧૮ રાજાપુરી ઉત્તમનગર ,હનુમાન મંદીર પાસે, નવી દિલ્લી નાનો હોવાનુ જણાવેલ સદરીની અંગઝડતી તપાસ કરતાં સદરીની વાદળી કલરની બેગમાંથી એક દેશી તમંચો તથા ચાર જીવતા કારતુસ મળી આવેલ જે દેશી તમંચા બાબતે પુછપરછ કરતાં જણાવેલ કે સદર દેશી તમંચાથી તેણે આ કામના ફરિયાદી સંજય નાનકચંદ શર્મા પર ફાયરીંગ કરેલ તેમજ શાઇન બાઇકના કાગળો બતાવવા જણાવતાં તે બાબતે ગલ્લા તલ્લાં કરેલ અને તેની પાસે બાઇકના કોઇ કાગળો ના હોય જેથી સદર બાઇકની કિ.રૂ.૧૫,૦૦૦/-ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તથા ઉપરોક્ત મોબાઇલ કિ.રૂ.૫૦૦/- તથા દેશી તમંચો કિ.રૂ.૮,૦૦૦/- ગણી ઉપરોક્ત ગુનાના કામે કરેલ છે જે આરોપીને ગણતરીના દિવસોમાં શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર :**

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી.પટેલ (૨) પો.સબ.ઇન્સ. જી.વી.ચૌધરી (૩) હેડ કોન્સ. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩ (૪) હે.કો. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં.૩૪૫૦ (૫) હે.કો. સંજયકુમાર માધાભાઇ બ.નં.૩૯૫૮ (૬) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮ (૭) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭ (૮) પો.કો. ધર્મેન્દ્રકુમાર નવઘણભાઇ બ.નં.૧૦૦૪૪ (૯) લોકરક્ષક મહિપાલસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૩૧૨૨ (૧૦) લોકરક્ષક સિધ્ધાર્થરાજસિંહ બળવંતસિંહ બ.નં.૧૧૬૭૭ (૧૧) લોકરક્ષક કાર્તિકકુમાર મનુભાઇ બ.નં.૧૦૧૬૫



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૯૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૦ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૮૯/૨૦૨૧**

**ઘાટલોડીયા** : હેમાંગીનીબેન વા/ઓ કમલેશભાઇ પટેલ (ઉ.વ.૫૬)(રહે.રઘુકુળ એપાર્ટમેન્ટ પારસનગર ત્રણ રસ્તા પાસે, સોલા રોડ, નારણપુરા) તા.૧૭/૦૨/૨૦૨૧ સાંજના સમયે પોતાના ઘરની સાફ-સફાઇ કરતા હતા ત્યારે પહેલા માળે ફાઇબર નો શેડ તુટતા નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૨/૨૦૨૧ બપોરના ૨/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ હેમાંગીનીબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મણીભાઇ ગેમરભાઇ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૧**

**વટવા** : ડાહીબહેન રણજીતભાઇ સોલંકી (ઉ.વ.૬૫)(રહે.ઘરવિહોણા છાપરા, જગદીશ બસ સ્ટેશન પાસે, નવા ઘોડાસર વટવા) તા.૨૭/૦૨/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પુનિતનગર ફાટક પાસે પોલ નં-૪૮૯/૨૨ ના થાંભલા નજીક ટ્રેઇનની અડફેટે આવી જતા કપાઇ જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એસ.ભદોરીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૯૧/૨૦૨૧**

**ચાંદખેડા** : નિર્મલાસિંગ નન્હેસિંગ રાજપુત (ઉ.વ.૪૮)(રહે.દુર્ગાચોક ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઘઉ-ચોખા માં નાંખવાની દવા પી લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ નિર્મલાસિંગને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**સરખેજ** : શફિકભાઇ સીરાજુદ્દીન ભાટી (ઉ.વ.૫૧)(રહે.ખેડાલ મંસુરી સોસાયટી, આઇશા મસ્જીદની બાજુમાં, જુહાપુરા, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે ફતેવાડી કેનાલના કાંઠે, નરીમાનપુરા કેનાલમાં પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**ગોમતીપુર** : રેખાબેન લક્ષ્મણભાઇ બનોધા (ઉ.વ.૪૦)(રહે.શરાફની ચાલી, રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતિ ની ખેંચની બિમારીની દસેક ગોળી પી લેતા, શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સીવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

**નિકોલ** : રાકેશસિંગ મુકેશસિંગ તોમર (ઉ.વ.૨૭)(રહે.ગોકુલ ગેલેક્ષી કઠવાડા ગામ રોડ તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૮/૨/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**ઓઢવ** : ગોવિંદ રામવિલાસ ચૌહાન (ઉ.વ.૨૭)(રહે.આશીર્વાદ સીટી પુષ્પક ની સામે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતિલાલ જીવાજી ચલાવે છે.

**રામોલ** : અન્નપૂર્ણાબેન વા/ઓ રાજકુમાર બધિક (ઉ.વ.૨૦)(રહે.મુક્તાનંદ પાર્ક, જામફળવાડી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી